# રાષ્ટ્રીય સેવા યોજના ઝોનલ વર્કશોપ ૨૦૨૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ" માન. કુલપતિશ્રી પ્રો.(ડો.) નરેન્દ્રકુમાર ગોંટિયાસાહેબની પ્રેરણા ત્રિદિવસીય રાષ્ટ્રીય સેવા યોજના ઝોનલ વર્કશોપનું આયોજન તા.૦૫/૦૮/૨૦૨૨ થી તા.૦૭/૦૮/૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આ વર્કશોપનો ઉદ્દઘાટન કાર્યક્રમ માન. કુલપતિશ્રી પ્રો.(ડો.) નરેન્દ્રકુમાર ગોંટિયા સાહેબનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢનાં માન. કુલપતિશ્રી, પ્રો(ડો.) ચેતન ત્રિવેદી સાહેબ ઉપસ્થિત રહયા હતા અને વિદ્યાર્થીઓને પ્રત્સાહિત કર્યા હતા. આ વર્કશોપ દરમ્યાન પ્રાકૃતિક ખતે પર્યાવરણ જાળવણી, આઝાદીની ચળવળનાં સ્વાતંત્ર્ય સેનાનીનાં જીવન વગેરે અંગેનાં વ્યાખ્યા કાર્યક્રમ, રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રેલી, કિવઝ વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.